અપીલ અરજી નં.૧૧૩ તા.૨૧–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ પાનપાટીલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ પાનપાટીલની આઈ ડી નં.૫૪ તા.૧૮–૫–૦૯ ની અરજીથી સીધાવેરા દફતરે પોતાના વારસદારોનું નામ દાખલ કરવા માટે તા.૧૯–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલકામાંથી જ માહિતી અધિકારી મારફતે માર્ગદર્શન મેળવી મળેલા માર્ગદર્શન પ્રમાણે સ્ટેમ્પ પેપર પર સોંગધનામું કરી બાબુભાઈ ગવઈ અને વિઠ્ઠલભાઈ એસ. પાન પાટીલ ના ઓએ અરજી આપેલ છે અરજી બાબતે લખ્યા મુજબની કોઈ કાર્યવાહી થઈ નથી, કાર્યવાહી કેમ નથી થઈ તેની માહિતી, તથા અરજદારોએ આપેલા જરૂરી કિંમતના સ્ટેમ્પ પેપરના ડોકયુમેન્ટની નકલ આપવા તથા વેરો ભરનાર નાગરિક પોતાના વારસદારોના નામ સીધાવેરા દફતરે દાખલ કરવા માટે અરજી કરે છે તે લોકેશન ૯૧ ઝુંપડપટ્ટી માટે છે એમ કહેવામાં આવે છે લોકેશન ૯૧ કોના હુકમથી અમલમાં આવ્યું, કયા વર્ષમાં, કઈ તારીખથી લોકેશન ૯૧ નો અમલ કરવાની માહિતી, સુરત મહાનગરપાલિકાએ જાહેર કરેલા સ્લમ વિસ્તારોમાં કોની માલિકીની જમીન પર લોકેશન ૯૧ નો અમલ લાગુ પડે છે, કેન્દ્ર સરકારની જમીન પર, રાજય સરકારની ની જમીન પર , મહાનગરપાલિકાની જમીન પર, પ્રાઈવેટ જમીન પરની વિગતવારની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૧–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૩/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ પાનપાટીલની આઈ ડી નં.૫૪ તા.૧૮–૫–૦૯ ની અરજીથી સીધાવેરા દફતરે પોતાના વારસદારોનું નામ દાખલ કરવા માટે તા.૧૯–૧૦–૦૬ ના રોજ સુરત મહાનગરપાલકામાંથી જ માહિતી અધિકારી મારફતે માર્ગદર્શન મેળવી મળેલા માર્ગદર્શન પ્રમાણે સ્ટેમ્પ પેપર પર સોંગધનામું કરી બાબુભાઈ ગવઈ અને વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલનાઓએ અરજી આપેલ છે અરજી બાબતે લખ્યા મુજબની કોઈ કાર્યવાહી થઈ નથી, કાર્યવાહી કેમ નથી થઈ તેની માહિતી, તથા અરજદારોએ આપેલા જરૂરી કિંમતના સ્ટેમ્પ પેપરના ડોકયુમેન્ટની નકલ આપવા તથા વેરો ભરનાર નાગરિક પોતાના વારસદારોના નામ સીધાવેરા દફતરે નામ દાખલ કરવા માટે અરજી કરે છે તે લોકેશન ૯૧ ઝુંપડપટ્ટી માટે છે એમ કહેવામાં આવે છે લોકેશન ૯૧ કોના હુકમથી અમલમાં આવ્યું, કયા વર્ષમાં, કઈ તારીખથી લોકેશન ૯૧ નો અમલ કરવાની માહિતી સુરત મહાનગરપાલિકાએ જાહેર કરેલા સ્લમ વિસ્તારોમાં કોની માલિકીની જમીન પર લોકેશન ૯૧ નો અમલ લાગુ પડે છે, કેન્દ્ર સરકારની જમીન પર, રાજય સરકારની ની જમીન પર , મહાનગરપાલિકાની જમીન પર, પ્રાઈવેટ જમીન પરની વિગતવારની માહિતી આપવા બાબતે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૪ તા.૧૫–૬–૦૯ ના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૪૫ તા.૨૯–૭–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં. ૫૪ તા.૩–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૧૮–૫–૦૯ ની ઉપરોકત વિષય બાબતે મુદ્દા નં.૧ સીધાવેરા દફતરે તા.૧૯–૧૦–૦૬ ના રોજ વારસદારના નામ દાખલ કરવા બાબુભાઈ ગવઈ તથા વિઠ્ઠલભાઈ પાનપાટીલએ કરેલી અંગે શું કાર્યવાહી થઈ તે અંગે માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદરહુ બંને અરજદારની મિલ્કત ટેના નં.૧૮એફ–૯૧–૨૧૨૫–૦–૦૦૧ તથા ૧૮એફ–૯૧–૪૧૦૧–૦–૧૯૫ ઝુંપડા તરીકે નોંધાયેલ છે જેના ભાગલા પાડી શકાય તેમ ન હોવાથી અરજીઓ દફતરે કરવામાં આવેલ છે. અરજદારે તા.૧૯–૧૦–૦૬ ના રોજ કરેલ અરજીના જરૂરી કિંમતના સ્પેમ્પ પેપર ઉપર સોંગધનામું કરી કરેલી અરજીની ઝેરોક્ષની માંગણી કરેલ છે. જે અરજદારે કરેલી અરજીની જ નકલની માંગણી કરેલ છે.જે નકલ અરજદાર પાસે હોવાનું અનુમાનિત છે જ. તેમ છતાં તેની નકલની માંગણી અંગે જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ લોકેશન –૯૧કોના હુકમથી અમલમાં આવ્યું કયા વર્ષમાં કઈ તારીખથી અમલમાં આવ્યું તેની માહિતી તથા સુરત મહાનગરપાલિકાએ જાહેર કરેલા સ્લમ વિસ્તારોમાં કોની માલિકીની જમીન ઉપર લોકેશન–૯૧ લાગુ પડે છે. કેન્દ્ર સરકાર કે રાજય સરકાર કે મહાનગરપાલિકાની જમીન પર તેમજ ખાનગી જમીન ઉપર તેની વિગતવાર માહિતીની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ સીધાવેરા દફતરે આકારણી હેતુસર મિલ્કતોને નંબર આપવાની એ મહાનગરપાલિકાની વહીવટી પ્રક્રિયા છે જે માટે આવો કોઈ હુકમ અમલમાં જેથી તેવું જણાવેલ છે.અરજદારે કરેલ અપીલ અરજીમાં અધૂરી માહિતી મળેલ છે પરંતુ તે અંગે કે મળેલ પ્રતિભાવની નારાજગી બાબતે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

આરટીઆઈ એકટની કલમ–૪(૧) સી તથા ડી ની જોગવાઈથી અનુક્રમે અગત્યની નીતિ ઘડતર સમયે અથવા જાહેર જનતાને અસરકર્તા નિર્ણયો જાહેર કરતી વેળા સબંધિત હકીકત જાહેર કરવાની તથા અસરકર્તા વ્યકિતઓને વહીવટી અથવા અર્ધ ન્યાયિક નિર્ણયો માટે કારણો આપવાની જોગવાઈ છે.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે દફતર ઉપલબ્ધ નહીં હોવા સબંધે લાગત દફતરના નિકાલ કે નાશ કર્યાની બાબતના અનુસંધાને તેમ કર્યાની યાદીની સક્ષમ સત્તાની મંજુરી સહિતની નકલ, તથા મુદ્દા નં.ર અંગે કલમ–૪(૧) સી અને ડી ની જોગવાઈ ધ્યાને લઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે સબંધિત દફતરના ઈન્સ્પેકશન સહ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલ,